सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૨ | ૦૮ | ૨૦૨૫ |
| નોંધ્યા તારીખ: | ૦૨ | ૦૮ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ: | ૦૬ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૭ | ૦૪ |

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના પ્રકરણ નં. ૫ના ૧૭૯(અ) અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ના ઠરાવેલા પર્ફોમા મુજબ**

**આંક–**

## :: નમુના – અ ::

| **ખેડા જિલ્લાના મહે. સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશશ્રી, મુ. કપડવંજ.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| સ્પે. પોકસો કેસ નંબર | ૨૨/૨૦૨૫ |

## ગુનાની વિગત

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧, ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૨ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ | પ્રથમ બાતમી નંબર પાર્ટ એ. ગુના રજીસ્ટર્ડ નં. ૧૧૨૦૪૦૨૭૨૫૦૩૪૩/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કઠલાલ પોલીસ સ્ટેશન |
| ફરીયાદી | સરકારશ્રી/ભોગબનનારના માતા |
| ફરીયાદી તરફે વિધ્વાન એ.પી.પી. | શ્રી એમ. આર. પટેલ |
| આરોપી | રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયા, ઉ.વ.આ. ૨૪, રહે. ખાડા વિસ્તાર, મુ. પો. તા. કઠલાલ, જિ. ખેડા |
| આરોપી તરફે વિધ્વાન વકીલ | શ્રી જે. બી. મારવાડી |

## :: નમુના – બ ::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૧૪/૦૨/૨૦૨૫ થી ૦૮/૦૬/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ : | ૧૬/૦૬/૨૦૨૫ |
| ચાર્જસીટની તારીખ : | ૨૬/૦૭/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૨૪/૦૯/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | ૦૮/૧૦/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૨૧/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ : | ૦૬/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | ૦૬/૦૩/૨૦૨૬ |

## :: આરોપીની માહીતી ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન **UTP** રહેલ સમય ગાળો **CrPC.** ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયા | ૧૫/૦૬/૨૦૨૫ | (યુ. ટી. પી.) | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧, ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૨ મુજબ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૦ વર્ષ ૦૮ માસ ૨૧ દિવસ |

## :: નમુનો ક ::

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ / ન્યાયલયના સાક્ષીઓની યાદી

## અ) ફરીયાદપક્ષના સાક્ષીની વિગત :

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧) | રાકેશકુમાર દીનુભાઈ શાહની જુબાની | કલાર્ક, કઠલાલ નગર પાલીકા |
| ૨) | ડો. નિલેશકુમાર વિનોદચંદ્ર પરમારની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૩) | ડો. અમીત તરૂણકુમાર ઠકકરની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૪) | ડો. સાહીલ હર્ષદકુમાર પંચાલની જુબાની | મેડીકલ ઓફીસર |

| | | |
|---|---|---|
| ૫) | ડો. વૃંદા મનીષભાઈ દલવાડીની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૬) | ડો. પ્રજ્ઞાબેન હરજીભાઈ વાઘાણીની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૭) | ભોગબનનારની જુબાની | ભોગબનનાર |
| ૮) | ભોગબનનારની માતાની જુબાની | મુળ ફરીયાદી |
| ૯) | એરીક એન્ટોન વખારીયાની જુબાની | સરકારી પંચસાહેદ |
| ૧૦) | જેરૂપજી વજાજી કુકલની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| ૧૧) | પ્રવિણકુમાર ભરતભાઈ ચૌહાણની જુબાની | ગુનો દાખલ કરનાર પોલીસ |
| ૧૨) | મુકેશભાઈ વજેસિંહ ભગોરાની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| ૧૩) | અંકુશ મનોજભાઈ ગેલોતની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**બ) બચાવના સાક્ષી :**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | નથી | – |

**ક) કોર્ટના સાક્ષી :**

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | નથી | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ ન્યાયાલય તરફથી રજુ દસ્તાવેજો :**

**અ) ફરીયાદપક્ષે આપવામા આવેલ આંક:**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૧ | ભોગબનનારના જન્મની નોંધણીના રજી.ના ઉતારાની નકલ |
| ૨ | ૧૨ | ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર |
| ૩ | ૧૫ | ભોગબનનારની મેડીકલ તપાસ અર્થેની લેખીત યાદી |
| ૪–૫ | ૧૬–૧૭ | ભોગબનનારના મેડીકલ તથા સંમતિ કેસ પેપર્સ |
| ૬ | ૧૮ | એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ ભોગબનનારના નમુનાનો પત્ર |
| ૭ | ૧૯ | ભોગબનનારનુ મેડીકલ સર્ટી. |
| ૮ | ૨૨ | સી.એચ.સી. કઠલાલની રીફર નોટ |

| | | |
|---|---|---|
| ૯ | ૨૩ | ભોગબનનારના મેડીકલ કેસ પેપર તથા વાલીની સંમતિ |
| ૧૦ | ૨૪ | ભોગબનનારનો સોનોગ્રાફી રીપોર્ટ |
| ૧૧ | ૨૫ | ભોગબનનારનો બ્લડ ટેસ્ટ રીપોર્ટ |
| ૧૨ | ૨૬ | ભોગબનનારની સારવારના કેસ પેપર્સ |
| ૧૩ | ૨૭ | ભોગબનનારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૪ | ૨૯ | આરોપીનુ મેડીકલ તપાસણીની યાદી |
| ૧૫–૧૬ | ૩૦–૩૧ | આરોપીના મેડીકલ તથા સંમતિ તથા હીસ્ટ્રી કેસ પેપર્સ |
| ૧૭ | ૩૨ | એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ આરોપીના નમુનાનો પત્ર |
| ૧૮ | ૩૩ | આરોપીના ડી.એન.એ. રીપોર્ટ માટેનુ ફોર્મ |
| ૧૯ | ૩૪ | આરોપીનુ મેડીકલ સર્ટી. |
| ૨૦ | ૩૭ | ભોગબનનારનુ ગર્ભપાત કરાવવા બાબતની યાદી |
| ૨૧ | ૩૮ | ભોગબનનારની મેડીકલ સારવારના કેસ પેપર્સ |
| ૨૨ | ૩૯ | ભોગબનનારના આધારકાર્ડની નકલ |
| ૨૩ | ૪૦ | ભોગબનનારની સારવારના કેસ પેપર્સ, ડીસ્ચાર્જ સમરી, મેડીકલ બ્લડ રીપોર્ટ (કુલ–૦૬ પાન) |
| ૨૪ | ૪૧ | ભોગબનનારના સગાની સંમતિ |
| ૨૫ | ૪૨ | ભોગબનનારનો ગર્ભપાદ કર્યા બાદનો સોનોગ્રાફી રીપોર્ટ |
| ૨૬ | ૪૩ | ભોગબનનારનો ગર્ભપાત કરવામા આવેલ તે અંગેનો પત્ર |
| ૨૭ | ૪૪ | ભોગબનનારના ગર્ભપાત માટે જરૂરી સેમ્પલ લેવામા આવેલ તે અંગેનો પત્ર |
| ૨૮ | ૪૫ | ભોગબનનારના ડી.એન.એ. રીપોર્ટ માટેનુ ફોર્મ |
| ૨૯ | ૪૬ | ભોગબનનારનુ ગર્ભપાત કરવા માટે લીધેલ સંમતિ તથા ફોર્મ –૦૧ અને ૦૨ |
| ૩૦ | ૪૭ | ભોગબનનારનુ ગર્ભપાત બાદ આપેલ સર્ટીફીકેટ |
| ૩૧ | ૫૪ | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| ૩૨ | ૫૬ | અસલ ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૩૩ | ૫૮ | સરકારી પંચસાહેદો ફાળવવા બાબતની ચાદી |
| ૩૪ | ૫૯ | ભોગબનનારના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામુ |
| ૩૫ | ૬૦ | આરોપીના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામુ |
| ૩૬ | ૬૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩૭ | ૬૫ | સ્ટેશન ડાયરી |
| ૩૮ | ૭૧ | એફ.એસ.એલ. અહેવાલ પત્ર |
| ૩૯ | ૭૨ | ફોરેન્સીક એક્ષામીનેશન રીપોર્ટ (કબુલ કરેલ છે) |
| ૪૦ | ૭૩ | એફ.એસ.એલ. અહેવાલ પત્ર |
| ૪૧ | ૭૪ | ફોરેન્સીક એક્ષામીનેશન રીપોર્ટ (કબુલ કરેલ છે) |
| ૪૨ | ૭૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૪૩ | ૭૯ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મળ્યાની પહોંચ |
| ૪૪ | ૮૦ | બાયોલોજી, સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |
| ૪૫–૪૬ | ૮૧–૮૨ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મળ્યાની પહોંચો |
| ૪૭ | ૮૩ | આરોપીની મેડીકલ તપાસણી કરી જરૂરી સેમ્પલ લઈ સર્ટી. આપવા બાબતની ચાદી |
| ૪૮ | ૮૪ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલ્યાની રવાનગી નોંધ |
| ૪૯ | ૮૫ | ભોગબનનારનો ગર્ભપાત કરાવવા બાબતની ચાદી |
| ૫૦–૫૧ | ૮૬–૮૭ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલ્યાની રવાનગી નોંધો |
| ૫૨ | ૮૮ | ભોગબનનારના જન્મના દાખલાની ખરાઈ કરવા બાબતની ચાદી |
| ૫૩ | ૮૯ | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા માટેની ચાદી |
| ૫૪ | ૯૦ | સદર ગુનામા પોકસો એકટની કલમ–૫(જે)(૨)ની જરૂરી કલમ ઉમેરવાની ચાદી |
| ૫૫ | ૯૧ | કઠલાલ પો. સ્ટે. ગુ. ર. નં. ૧૨૧/૨૦૧૯ વાળી ફરીયાદની નકલ |
| ૫૬ | ૯૨ | સ્પે. પોકસો કેસ નં. ૯૨/૨૦૧૯ના ચુકાદાની નકલ |

**બ) બચાવપક્ષે આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

**ક) ન્યાયલય દ્વારા આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

**ફરીયાદી તરફે રજુ થયેલ મુદામાલ વિગત :**

| ક્રમ | મુદામાલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | આર્ટીકલ નં. ૧ | એક રાખોડી કલરનુ જુના જેવુ જીન્સનુ પેન્ટ |
| ૨ | આર્ટીકલ નં. ૨ | એક સફેદ કલરની આખી બાંયની ટી–શર્ટ |
| ૩ | આર્ટીકલ નં. ૩ | એક પોપ્ટી કલરનુ આખી બાંયનુ જુના જેવુ ટોપ |
| ૪ | આર્ટીકલ નં. ૪ | એક ગુલાબી કલરની જુના જેવી લેંઘી |
| ૫ | આર્ટીકલ નં. ૫ | એક રાખોડી કલરની ફુલભાત ડીઝાઈનવાળી નિકર |
| ૬ | આર્ટીકલ નં. ૬ | એક સફેદ તથા પીળા કલરનો દુપટ્ટો |

**ગુન્હો : ભારતીય ન્યાય સંહીતાની કલમ–૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧, ૩૫૧ (૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૨ મુજબ**

**– :: ચુ કા દો :: –**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દીકરી કે જેની ઉમર ૧૫ વર્ષ ૦૮ માસ ૧૨ દીવસ (જન્મ તા. ૦૩/૧૦/૨૦૦૯)નાનીને આ કામના આરોપી કે જેને કઠલાલ પો. સ્ટે. પાર્ટ એ. ગુ. ર. નં. ૧૨૧/૧૯ (સ્પે. પોકસો કેસ નં. ૯૨/૨૦૧૯)ના કેસમાં ૨૦ વર્ષની સજા થયેલ હોય અને આરોપી વચગાળાના જામીન ઉપર મુકત થયેલ તે દરમ્યાન આ કામના આરોપીએ તા. ૧૪/૦૨/૨૦૨૫ થી તા. ૦૮/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ભોગ બનનારને કઠલાલ રેલ્વે ફાટક, તા. કઠલાલ, જિ. ખેડા નજીક આવેલ ઝાંડીઝાંખરામા લઈ જઈ ભોગબનનારની એકલતાનો લાભ લઈ ભોગબનનારની સાથે બળજબરી બળાત્કાર સંભોગ કરી તેણીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યારબાદ પણ

તેણીને લગ્ન કરવાની લાલચ આપી ભોગબનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી પોકસો એકટ હેઠળ બીજી વાર ગુનો કરતા જે સબબ ફરીયાદીએ કઠલાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ જાહેર કરેલી.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતાં તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલી છે કે કેમ ? તેની ખાત્રી કરી સદર કોડની કલમ–૨૪૯ની જોગવાઈઓનું પાલન કર્યા પછી સદર કોડની કલમ–૨૫૧(૧)(બી) પ્રમાણે આરોપી વિરુધ્ધ તહોમતનામું આંક–૦૭થી ફરમાવવામાં આવેલ છે તથા સદર કોડની કલમ–૨૫૧(૨) પ્રમાણે આરોપીનો જવાબ આંક–૦૮થી નોંધી લેવામાં આવેલ છે. આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કબૂલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવેલ છે. ત્યાર બાદ ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો. આ કામના આરોપી જયુડીશ્યલ કસ્ટડીમા છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નમુના–કમાં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૪) ફરીયાદપક્ષે તેઓનો મૌખીક પુરાવો કરતા વધુ મૌખીક પુરાવો આપવા માંગતા નથી તે મતલબની આંક–૯૩થી પુરસીસ આપેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તેના આધારે આરોપી વિરુધ્ધના સંજોગોનો ખુલાસો કરવાના આશયથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપી જણાવે છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ ઉપર ખોટી ફરીયાદ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે આંક–૦૪, ૬૬ અને ૭૫થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે. આંક–૦૭થી ચાર્જ

ફરમાવેલ છે. આંક–૯૨થી આ જ આરોપીને અગાઉ આવા પ્રકારના ગુનામાં સજા થયેલી છે તેના ચુકાદાની નકલ રજુ કરેલ છે. આરોપીનો આ પોકસોનો બીજો ગુનો છે. આરોપીના દુષ્કૃત્યના કારણે ભોગબનનારને ૧૭ અઠવાડીયા ૦૨ દીવસનો ગર્ભ રહેલ છે. સાહેદ નં. ૦૧થી રાકેશ શાહને તપાસેલ છે કે જેઓ કઠલાલ નગર પાલીકાના કર્મચારી છે. તેઓના પુરાવાથી ભોગબનનારની જન્મ તા. ૦૩/૧૦/૨૦૦૯ની હોવાની હકીકતને સમર્થન મળે છે. સાહેદ નં. ૨, ૩, ૪, ૫ તથા ૬થી ડોકટર સાહેદોને તપાસવામા આવેલ છે તેઓ સમક્ષ ભોગબનનાર અને આરોપીએ હીસ્ટ્રી આપેલ છે તથા આરોપીના દુષ્કૃત્યના કારણે ભોગબનનાર ગર્ભવતી બનેલ તે હકીકતને સમર્થન મળેલ છે તથા ભોગબનનારનો ગર્ભપાત કરવામા આવેલ ત્યારે ડી.એન.એ. રીપોર્ટ માટે જરૂરી નમુના પણ લેવામા આવેલ છે. આ કામે આંક–૭૨ અને ૭૪થી ભોગબનનાર અને આરોપીના ડી.એન.એ. રીપોર્ટ રજુ થયેલ છે. સાહેદ નં. ૮થી ભોગબનનારની માતાને તપાસવામા આવેલ છે તેઓએ બનાવ હકીકતને સમર્થન આપેલ છે. સાહેદ નં. ૦૯થી પંચસાહેદને તપાસવામા આવેલ છે તેઓએ પણ તેમની હાજરીમાં કપડા કબ્જે કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. સાહેદ નં. ૧૦થી તપાસવામા આવેલ સાહેદે ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ છે તે હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. સાહેદ નં. ૧૧થી ફરીયાદ દાખલ કરનારને તપાસવામા આવેલ છે તેઓએ ફરીયાદ દાખલ કરેલ હોવા બાબતનો પુરાવો આપેલ છે. સાહેદ નં. ૧૨થી તપાસ કરનાર અમલદારને તપાસવામા આવેલ છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા સફળ નિવડેલ હોય આરોપીને તકસીરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

ફરીયાદપક્ષે તેઓની દલીલોના સમર્થનમા નીચે મુજબનો ચુકાદો રજુ કરેલ છે.

૧) નામદાર ગુજરાત હાઈકોર્ટે ધી સ્ટેટ ઓફ ગુજરાત વિ. અશોકભાઈ સ/ઓ માવજીભાઈ કેશવજીભાઈ પરમારના કેસમાં આપેલ ચુકાદો (ફોજદારી અપીલ નં. ૧૧૫૩/૨૦૧૭ સાથે ફોજદારી અપીલ નં. ૩૯૪/૨૦૧૮, તા. ૧૩/૦૬/ ૨૦૧૮) આ કેસમા નામદાર હાઈકોર્ટે ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરની

છે. જેથી ભોગબનનારની સંમતિથી શરીર સંબંધ બાંધ્યો હોય તો પણ તે બળાત્કારનો ગુનો ગણાય તેવુ અવલોકન કરેલ છે.

૨) નામદાર સુપ્રીમ કોર્ટે લોક માલ ઉર્ફે લોકુ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ (૨૦૨૫ (૦) એ.આઈ.જે.ઈ.એલ., એસ.સી. ૭૪૮૭૬)ના કેસમા આપેલ ચુકાદો રજુ કરેલ છે. જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે બળાત્કારના કેસમાં ભોગબનનારના પુરાવાનુ મુલ્ય ઈજા પામનાર સાક્ષીના પુરાવા જેટલું જ હોય છે. ભોગબનનારની એક માત્ર જુબાનીના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય. ભોગબનનારના નિવેદનમા સામાન્ય વિરોધાભાસ અથવા સામાન્ય વિસંગતતાઓ હોય તો પણ તે કેસના હાર્દને નુકશાન કરતા નથી તેવુ અવલોકન કરેલ છે.

આ કામે ફરીયાદપક્ષ તરફે નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લેતા તેમાં નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટે જે તે કેસની હકીકત અને સંજોગોને ધ્યાને લઈ ચુકાદાઓ આપેલ છે. પ્રસ્તુત કેસની હકીકત સદરહુ ચુકાદાઓમા જણાવેલ કેસની હકીકત કરતા આંશીક રીતે ભીન્ન પ્રકારની છે. પરંતુ સદરહુ ચુકાદાઓમા નામદાર સુપ્રીમ કોર્ટે તથા નામદાર હાઈકોર્ટેએ જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે તથા જે અવલોકનો કરેલ છે તે ધ્યાને લઈ આ કેસનો ન્યાય નિર્ણય કરવામા આવેલ છે.

(૭) આરોપી તરફે તેમના વિધ્વાન વકીલ શ્રીએ મુખ્યત્વે તેવી રજુઆત કરેલ છે કે, ફરીયાદ વિલંબથી આપવામા આવેલ છે જેથી ફરીયાદ શંકાસ્પદ છે. નજરે જોનાર ભોગબનનારના બહેનને સાહેદ તરીકે તપાસવામા આવેલ નથી. ભોગબનનારના કુટુંબ અને આરોપી વચ્ચે અગાઉ ઝઘડાઓ ચાલતા હતા તે ઝઘડાઓની અદાવત રાખીને આરોપીને ખોટી રીતે આ ગુનામા ફસાવેલ છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દાઓ : –**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ–૨(ડી)માં આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા ભોગબનનારનો સમાવેશ થાય છે ?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર કે જેની ઉમર ૧૫ વર્ષ ૦૮ માસનીને લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૮૭ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરીયાદપક્ષ એ હકીકત પ્રાથમીક પુરાવાથી પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દીકરી કે જેની ઉમર ૧૫ વર્ષ ૦૮ માસ ૧૨ દીવસ (જન્મ તા. ૦૩/૧૦/૨૦૦૯) નાનીને આ કામના આરોપી કે જેને કઠલાલ પો. સ્ટે. પાર્ટ એ. ગુ. ર. નં. ૧૨૧/૧૯ (સ્પે. પોકસો કેસ નં. ૯૨/૨૦૧૯)ના કેસમાં ૨૦ વર્ષની સજા થયેલ હોય અને આરોપી વચગાળાના જામીન ઉપર મુકત થયેલ તે દરમ્યાન આ કામના આરોપીએ તા. ૧૪/૦૨/૨૦૨૫ થી તા. ૦૮/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ભોગબનનારને કઠલાલ રેલ્વે ફાટક, તા. કઠલાલ, જિ. ખેડા નજીક આવેલ ઝાંડીઝાંખરામા લઈ જઈ ભોગબનનારની એકલતાનો લાભ લઈ ભોગબનનારની સાથે બળજબરી બળાત્કાર સંભોગ કરી તેણીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યારબાદ પણ તેણીને લગ્ન કરવાની લાલચ આપી ભોગબનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીરસંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી

ભારતીય ન્યાય સંહીતાની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧, ૩૫૧(૩) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૪. શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ઉપરોકત તારીખ, સમયે ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતાં તેણી ઉપર જાતિય હુમલો કરી તથા જાતિય સતામણી કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૪, ૬, ૧૨ મુજબ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૫. શું હુકમ ?

(૮.૧) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) અંશત: હકારમાં

(૪) અંશત: હકારમાં

(૫) આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં. (૧)</u>** :–

(૯) આ મુદ્દાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, આરોપી ઉપર જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ–૪, ૬ અને ૧૨ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે. સદર કાયદાની કલમ–૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા ભોગ બનનારનો સમાવેશ થાય છે કે કેમ ? તે અંગે જોઈએ તો, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તા. ૧૪/૦૨/૨૦૨૫થી તા. ૦૮/૦૬/ ૨૦૨૫ દરમ્યાન બનેલ છે. તે સમયે ભોગબનનારની જન્મ તા. ૦૩/૧૦/૨૦૦૯ની હતી. આ હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત કરેલ છે કે કેમ ? તે અંગે જોઈએ તો ફરીયાદપક્ષે આ કામે રાકેશકુમાર દીનુભાઈ શાહ, કલાર્ક, કઠલાલ નગર પાલીકાને સાહેદ

નં. ૦૧થી તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં આંક–૧૨થી ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે તથા આંક–૧૧થી જન્મ મરણના રજીસ્ટરના ઉતારાની નકલ રજુ થયેલ છે. જે વંચાણે લેતાં તેમાં ભોગબનનારની જન્મ તા. ૦૩/૧૦/૨૦૦૯ ના રોજની દર્શાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમા બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે ભોગબનનારે સાહેદ નં. ૦૬થી તપાસવામા આવેલ છે જેમાં તેઓએ તેમની જન્મ તા. ૦૩/૧૦/૨૦૦૯ની હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે ભોગ બનનારના માતાને સાહેદ નં. ૦૭થી તપાસવામા આવેલ છે તેઓએ ભોગબનનારની જન્મ તા. ૦૩/૧૦/૨૦૦૯ના રોજની હોવાનો પુરાવો આપેલ છે. આ હકીકતથી વિરૂધ્ધનો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગ બનનારની ઉમર બનાવ સમયે ૧૫ વર્ષ ૦૮ માસ ૦૫ દીવસની હોવાનુ પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષ બનાવ સમયે ભોગબનનારનો સદર કાયદાની કલમ–૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા સમાવેશ થતો હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામા સફળ રહેલ છે. જેથી **મુદ્દા નં. ૦૧નો જવાબ હકારમા** ઠરાવવામા આવે છે.

**<u>ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવાનુ મુલ્યાંકન</u>**

(૧૦) ફરીયાદપક્ષની હકીકતના આધારે આરોપી વિરૂઘ્ધ તહોમતનામું આંક–૦૭થી બી. એન. એસ.ની કલમ–૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧, ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬, ૧૨ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવવામા આવેલ છે.

(૧૦.૧) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. નિલેષકુમાર વિનોદચંદ્ર પરમારને સાહેદ નં. ૦૨થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ મેડીકલ ઓફીસર છે. તેઓની ફરજ દરમ્યાન ભોગબનનારને શારીરીક ચકાસણી માટે તેમની સમક્ષ લાવવામાં આવેલ.

તેઓએ ભોગબનનારને બનાવ અંગેની હિસ્ટ્રી પુછતા તેઓએ જણાવેલ હિસ્ટ્રી તેઓના કેસ પેપર્સમા લખી લીધેલ. તેમજ ભોગબનનારની શારીરીક ચકાસણી કરી તેમના શરીર ઉપરથી જરૂરી નમુના મેળવી એફ.એસ.એલમાં તપાસણી અર્થે હાજર પોલીસને સોંપેલ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદે તેમની જુબાનીમા મેડીકલ પેપર્સ રજુ કરેલ છે જેમાં ભોગબનનારે આ સાહેદ સમક્ષ જે હીસ્ટ્રી આપેલ છે તેમાં ભોગ બનનાર સાથે આરોપીએ અવાર નવાર શારીરીક સબંધ બાંધેલા હોવાનુ જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બચાવપપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. જેથી તેઓનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૦.૨) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. અમીત તરૂણકુમાર ઠકકરને સાહેદ નં. ૦૩થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ મેડીકલ ઓફીસર છે. તેઓ સમક્ષ ભોગબનનાર ને સી.એચ.સી. કઠલાલની ટ્રાન્સફરચીટ સાથે લાવેલ. તેઓની હોસ્પી.મા ભોગબનનારનો કેસ નોંધવામા આવેલ. જેમા ભોગબનનારના વાલીની તપાસ માટે સંમતિ લીધેલી. ડો. પ્રજ્ઞાબેને ભોગબનનારની ગાયનેક તપાસ કરેલી. ભોગબનનારને તપાસતા તેણી પ્રેગનેન્ટ હોય અને પેટ ફુલેલું હોય અને પેટના બાહ્યભાગે હાથના સ્પર્શથી તપાસતા ૧૪ થી ૧૬ અઠવાડીયાનો ગર્ભ હોવાનુ જણાઈ આવેલ. ભોગબનનારની સોનોગ્રાફી કરવામા આવેલ જેમાં તેણી પ્રેગનન્ટ હતી અને તેણીને ૧૭ અઠવાડીયા અને ૦૩ દીવસનો ગર્ભ હતો. તેણીનુ હાયમન તુટેલુ હતુ તથા તેણીના શરીરે કોઈ ઈજાના નિશાન જણાયેલા નહી, તેમજ ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જણાયેલા નહી હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બચાવપપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. જેથી તેઓનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૦.૩) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. સાહીલ હર્ષદકુમાર પંચાલને સાહેદ નં. ૦૪થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ મેડીકલ ઓફીસર છે. તેઓની ફરજ દરમ્યાન આરોપીને શારીરીક ચકાસણી માટે તેમની સમક્ષ લાવવામાં આવેલ. તેઓએ આરોપીને બનાવ અંગેની હિસ્ટ્રી પુછતા તેઓએ જણાવેલ હિસ્ટ્રી તેઓના કેસપેપર્સમા લખી લીધેલ. તેમજ આરોપીની શારીરીક ચકાસણી કરી તેમના શરીર ઉપરથી જરૂરી નમુના મેળવી એફ.એસ.એલમાં તપાસણી અર્થે હાજર પોલીસને સોંપેલ હોવાનો પુરાવો આપેલ છે. વધુમાં આ સાહેદે આરોપી શારીરીક સંભોગ કરવા સક્ષમ હોવાનો પુરાવો આપેલ છે. પોલીસને આરોપીના ડી.એન.એ. રીપોર્ટ માટે તેના શરીરમાંથી લોહી લીધેલ જે સીલબંધ કરી ડી.એન.એ.નુ જરૂરી ફોર્મ ભરી તે ઉપર આરોપીનો ફોટો ચોટાડી જરૂરી વિગતો ભરી પોલીસને આપેલ. આ સાહેદે તેમની જુબાનીમા મેડીકલ પેપર્સ રજુ કરેલ છે જેમાં આરોપીએ આ સાહેદ સમક્ષ જે હીસ્ટ્રી આપેલ છે તેમાં ભોગબનનાર સાથે આરોપીએ અવારનવાર શારીરીક સબંધ બાંધેલા હોવાનુ જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બચાવપપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. જેથી તેઓનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૦.૪) ફરીયાદપક્ષ તરફે મેડીકલ ઓફીસર ડો. વૃંદા મનીષભાઈ દલવાડીને સાહેદ નં. ૦૫થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓ મેડીકલ ઓફીસર છે. તેઓ સમક્ષ પોલીસ મારફતે ભોગબનનારને ગર્ભપાત માટે લાવવામા આવેલ. તેઓની હોસ્પી.માં ભોગબનનારનો કેસ નોંધેલ. ભોગબનનારને ૧૭ વીક ૦૨ દીવસનો ગર્ભ હોય ડો. પ્રજ્ઞા કે જે ગાયનેકોલોજીસ્ટ છે તેમણે જરૂરી કાર્યવાહી કરી ભોગબનનારનુ ગર્ભપાત કરેલ. ભોગબનનારનો તેઓની હોસ્પી.માં સોનોગ્રાફી રીપોર્ટ કરવામા આવેલ. ભોગબનનારની સાથે તેના સગા આવેલ હોય તેની સર્જરીની સંમતિ લેવામા આવેલ. ભોગબનનારનુ ગર્ભપાત કર્યા બાદ

સોનોગ્રાફી કરવામા આવેલ. તા. ૨૨/૦૬/૨૦૨૫ના રોજ ભોગબનનારનુ ગર્ભપાત કરવામા આવેલ જે અંગેનો જરૂરી પત્ર આ કામે રજુ કરેલ છે. ભોગબનનારના ગર્ભપાત માટે જરૂરી નમુના લેવામા આવેલ જેમા બેબીનુ પ્રોડકટ કન્સમ્પશન માટે માતાના ડી.એન.એ. નમુના તથા માતાના લોહીના નમુના લીધેલ જે પોલીસને સોંપેલ. ભોગબનનારનુ તેઓની હોસ્પી.માં ગર્ભપાત બાદ કાગળોના આધારે સર્ટી. આપેલ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બચાવપપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. જેથી તેઓનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૦.૫) ફરીયાદપક્ષ તરફે ગાયનેકોલોજીસ્ટ ડો. પ્રજ્ઞાબેન હરજીભાઈ વાઘાણીને સાહેદ નં. ૦૬થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓ ગાયનેકોલોજીસ્ટ છે. તેઓ સમક્ષ પોલીસ મારફતે ભોગબનનારને ગર્ભપાત માટે લાવવામા આવેલ. ભોગબનનારને ૧૭ વીક ૦૨ દીવસનો ગર્ભ હતો. તેઓએ ભોગબનનારની જરૂરી કાર્યવાહી કરી ગર્ભપાત કરેલ. તેઓએ ભોગબનનારના ગર્ભનુ ગર્ભપાત કરવા માટે ફોર્મ નં. ૧ તથા ૨ ભરેલા જેમાં તેઓની સહી છે તથા આંક–૪૬વાળા સંમતિ ફોર્મમા ભોગબનનારની વિગતો તથા ભોગબનનાર તથા તેની માતાની સહીઓ છે જે ઓળખી બતાવે છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બચાવપપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. જેથી તેઓનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૦.૬) ફરીયાદપક્ષ તરફે ભોગબનનારને સાહેદ નં. ૦૭થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ ભોગબનનાર પોતે છે. ભોગ બનનારની જુબાની, પોલીસ સમક્ષનુ નિવેદન તથા કલમ–૧૮૩નુ નિવેદન સંયુકત રીતે વાંચતા ભોગબનનાર અને આરોપી પહેલાથી એકબીજાના પરીચયમા હતા. આરોપીએ અગાઉ ભોગબનનારના કુટુંબી બહેનને લઈને ભાગી ગયેલ અને તેની સાથે બળાત્કાર કરેલ જેનો કેસ થયેલો અને તેમાં આરોપીને સજા થયેલ

અને તે જેલમાંથી છુટેલો. ભોગબનનાર તા. ૧૪/૦૨/૨૦૨૫ના રોજ બપોરના આશરે ત્રણ વાગ્યાની આસપાસ તેણી કઠલાલ રેલ્વે ફાટક બાજુ કુદરતી હાજતે જવા માટે એકલી ગયેલ તે દરમ્યાન આરોપી તેણી પાસે આવી ગયેલ અને એકદમ તેણીને બાથમા પકડી લઈ જમીન ઉપર સુવડાવી દઈ તેણીની લેંઘી કાઢી તેણી સાથે તેની મરજી વિરૂધ્ધ જબરજસ્તી બળાત્કાર કરેલ ત્યારબાદ ફરીથી તેણી રેલ્વે ફાટક બાજુ જતી ત્યારે આરોપી ઝાડી ઝાંખરામાં આવી જઈ તેણીને કહેતો હતો કે, ''હું તને મારી નાંખીશ અને તારા ઘરવાળાને મારી નાંખીશ'' તેમ કહી તેણી સાથે બળાત્કાર કરેલ હતો. આરોપીએ ભોગબનનાર સાથે વારંવાર બળાત્કાર કરતાં ભોગબનનાર પ્રેગનન્ટ થયેલી અને તેણીનુ પેટ ભારે લાગવાથી તેણીએ આરોપીને વાત કરેલ તો આરોપીએ તેણીને કહેલ કે, '' જો તુ ગર્ભવતી છુ તેની વાત તુ કોઈને તારા ઘરના માણસોને જણાવીશ તો હું તારા ઘરના માણસોને જાનથી મારી નાંખીશ અને તને પણ જાનથી મારી નાંખીશ'' તેમ કહી ધમકી આપેલી અને દવા કરાવી દઈશ તેમ કહેલ અને તેણી સાથે ફરીથી પણ બળાત્કાર કરેલ. તા. ૦૮/૦૬/૨૦૨૫ના રોજ સાંજના ભોગબનનાર કુદરતી હાજતે ગયેલ તે વખતે આરોપીએ તેણી સાથે બળાત્કાર કરેલ ત્યારબાદ ભોગબનનારની બહેન જોઈ જતાં ભોગબનનારે સઘળી હકીકત તેઓની માતાને જણાવેલ. તેઓની માતાએ તેમને હીંમત આપેલી અને ફરીયાદ કરવાનુ જણાવેલ. તેઓની માતાએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. ભોગબનનારે પોલીસને તેઓના કપડા આપેલા. જે ઓળખી બતાવેલ છે. ભોગબનનારે પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલી. પોલીસ તેઓને સરકારી દવાખાને લઈ ગયેલ. નડીઆદ સીવીલ હોસ્પી.માં તેઓનુ ઓપરેશન કરી ગર્ભપાત કરવામા આવેલ. પોલીસ તેઓને કોર્ટમા લઈ ગયેલ જ્યાં તેઓએ જજ સાહેબની રૂબરૂ નિવેદન આપેલ. જેમાં તેઓની સહી છે. તેઓએ આરોપીને ઓળખી બતાવેલ છે. વધુમાં સદર કામે બચાવપક્ષે ભોગબનનારની ઉલટતપાસ કરવામા આવેલ જેમા બચાવ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી. આમ, ભોગબનનારનો પુરાવો જોતાં એ હકીકતને સમર્થન મળે છે કે,

આરોપીએ ભોગબનનાર સાથે એકથી વધુ વખત શારીરીક સંબંધ બાંધેલ છે અને આ શારીરીક સંબંધના કારણે ભોગ બનનાર ગર્ભવતી બનેલ છે.

(૧૦.૭) ફરીયાદપક્ષ તરફે મુળ ફરીયાદી ભોગબનનારના માતાને સાહેદ નં. ૦૮થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ મુળ ફરીયાદી તથા ભોગબનનારના માતા છે. આ કામના આરોપીએ તેઓની ભત્રીજીને લઈને ભાગી ગયેલ અને બળાત્કાર થયેલ જેનો કેસ થયેલો અને આરોપીને સજા થયેલી અને તે જેલમાંથી છુટેલો. તા. ૦૮/૦૬/૨૦૨૫ના રોજ સાજના સાડા છ વાગ્યાની આસપાસ તેઓની મોટી દીકરીએ તેઓને જણાવેલ કે ભોગબનનાર અને આરોપીને ઝાડીઝાંખરામા જોયેલો. તેઓએ આ વિષે ભોગબનનારને પુછતા ભોગબનનારે તેઓને જણાવેલ કે, ''તા. ૧૪/૦૨/૨૦૨૫ના રોજ બપોરના આશરે ત્રણ વાગ્યાની આસપાસ હું રેલ્વે ફાટક બાજુ જે કઠલાલ ખાતે આવેલ છે ત્યાં કુદરતી હાજરે જવા માટે એકલી ગઈ હતી તે વખતે આ રાહુલ ઉર્ફે બોકડો મારી પાસે આવી ગયેલો અને તેણે એકદમ મને તેની બાથમા પકડી લીધેલ અને જમીન ઉપર સુવડાવી દઈ મારી લેંઘી કાઢી નાંખી મારી જબરજસ્તીથી બળાત્કાર કરેલો ત્યારબાદ તે જતો રહેલો. ત્યારબાદ ફરીથી હું રેલ્વે ફાટક બાજુ જતી ત્યારે આ રાહુલ ઝાડી ઝાંખરીમા આવી જઈ મને કહેતો હતો કે હું તને મારી નાંખીશ અને તારા ઘરવાળાને મારી નાંખીશ તેમ કહી મારી સાથે બળાત્કાર કરતો હતો અને તું કયારે માસીક ધર્મ ઉપર બેસેલી તેવું પુછતા તેણે જણાવેલું કે છેલ્લા ત્રણ મહીનાથી માસીક ધર્મ ઉપર હું આવેલ નથી મારી સાથે રાહુલે વારંવાર બળાત્કાર કરતા હું પ્રેગનન્ટ થયેલી અને મારૂ પેટ ભારે લાગવાથી મેં રાહુલને આ વાત કરેલી તો રાહુલે મને કહેલુ કે જો તું ગર્ભવતી છુ તેની વાત તુ કોઈને તારા ઘરના માણસોને જણાવીશ તો હું તારા ઘરના માણસોને જાનથી મારી નાખંશી અને તને પણ જાનથી મારી નાંખીશ તેમ કહી ધમકી આપેલી અને દવા કરાવી દઈશ તેમ કહેલું અને મારી સાથે ફરીથી પણ બળાત્કાર કરેલો'' આંક–૧૮ વાળા મેડીકલ સર્ટીમા તેઓના અંગુઠાનુ નિશાન તથા ભોગબનનારના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવે છે.

નડીઆદ સીવીલ હોસ્પી.માં ભોગબનનારનુ ઓપરેશન કરી ગર્ભપાત કરવામા આવેલ. આંક–૪૧ વાળા સંમતિ ફોર્મમા તેઓની સહી ઓળખી બતાવે છે. પોલીસે તેઓની પુછપરછ કરી નિવેદન લીધેલ. તેઓએ આરોપી વિરૂધ્ધ આંક–૫૬ વાળી ફરીયાદ આપેલી. તેઓ આરોપીને ઓળખે છે. ભોગબનનારને આરોપીએ ગર્ભવતી બનાવેલી. બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમાં તેઓ અને રાહુલ નજીક નજીક એક જ વિસ્તારમાર રહેતા હોવાની, રાહુલ બળાત્કારના કેસમા જેલમા ગયેલો તેને તેઓને ખબર હોવાની હકીકતોનો સ્વીકારેલ છે. ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં આરોપીને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવતી નથી. આમ, ફરીયાદીનો પુરાવો જોતાં ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે.

(૧૦.૮) ફરીયાદપક્ષે ભોગબનનાર તથા આરોપીના કપડા કબ્જે કર્યાનુ તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ એરીક એન્ટોન વખારીયાને સાહેદ નં. ૦૯થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા અવેલ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા તેમની તથા બીજા પંચસાહેદ રવિન સ/ઓ કાંતિલાલ સવાભાઈ પ્રભાકરની હાજરીમા ઉપરોકત પંચનામાઓમા જણાવેલ વિગતે પંચનામાઓ થયેલ હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપી આંક–૫૯, ૬૦ તથા ૬૧થી સદરહુ પંચનામાઓ રજુ કરેલ છે. બચાવપક્ષે આ સાહેદોની ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં એવી કોઈ હકીકત નિકળી આવતી નથી કે, પંચોની હાજરીમા સદરહુ પંચનામાઓ થયેલ નથી.

(૧૦.૯) ફરીયાદપક્ષે આ કામે તપાસ કરનાર અમલદાર જેરૂપજી વજાજી કુકલને સાહેદ નં. ૧૦થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓને સદર ગુનાની તપાસ મળેલ. તેઓને પી.આઈ. શ્રી ભગોરાએ ભોગબનનાર તથા આરોપીના કપડાના પંચનામા કરવાના હોય તેઓએ જરૂરી સરકારી પંચો સાથે રાખી પંચો રૂબરૂ જરૂરી પંચનામા કરેલ અને મુદ્દ્માલ

કબ્જે કરેલો. ત્યારબાદ તપાસના કાગળો પી.આઈ. ભગોરા રજા ઉપર હોય પી.આઈ. ગેહલોતને સોંપેલા. આનાથી વિરૂધ્ધની કોઈ હકીકત પુરાવામા નીકળી આવતી નથી.

(૧૦.૧૦) ફરીયાદપક્ષે આ કામે ફરીયાદ લેનાર પ્રવીણકુમાર ભરતભાઈ ચૌહાણને સાહેદ નં. ૧૧થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ ફરીયાદ નોંધનાર અમલદાર છે. તેઓ તેમની ફરજ ઉપર હતા ત્યારે ફરીયાદીએ પી.આઈ.શ્રી એમ.વી.ભગોરા સમક્ષ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપવા આવેલ જે ફરીયાદ એમ.વી.ભગોરા રૂબરૂમા લઈ તેઓ સમક્ષ દાખલ થવા માટે આવેલ. ફરીયાદ સાથે ભોગબનનારનુ જન્મનો પ્રમાણપત્ર રજુ કરેલ. ફરીયાદમા તેઓ રૂબરૂ ફરીયાદીની સહી છે. ફરીયાદ તેઓના પો. સ્ટે.મા ગુ.ર.નં. ૩૪૩/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧, ૩૫૧(૩) તથા પોકસો એકટની જરૂરી કલમો હેઠળ ગુનો દાખલ કરેલ. ત્યારબાદ જરૂરી રીપોર્ટ કરી તપાસ પી. આઈ. શ્રી તરફ મોકલી આપેલ હોવાનો પુરાવો આપેલ છે. આનાથી વિરૂધ્ધની કોઈ હકીકત પુરાવામા નીકળી આવતી નથી.

(૧૦.૧૧) ફરીયાદપક્ષે આ કામે ફરીયાદ લેનાર અમલદાર મુકેશભાઈ વજેસિંહ ભગોરાને સાહેદ નં. ૧૨થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ ફરીયાદ નોંધનાર અમલદાર છે. તેઓ તેમની ફરજ ઉપર હતા ત્યારે ફરીયાદીએ તેઓ સમક્ષ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપવા આવેલ જે ફરીયાદ તેઓએ તેમના પો. સ્ટે. મા ગુ. ર. નં. ૩૪૩/૨૦૨૫ થી નોંધેલ. ફરીયાદ સાથે ભોગબનનારનુ જન્મનો પ્રમાણપત્ર રજુ કરેલ. ફરીયાદમા તેઓ રૂબરૂ ફરીયાદીની સહી છે. ત્યારબાદ જરૂરી રીપોર્ટ કરી તપાસ પી.આઈ.શ્રી ગેહલોતને સોંપેલી. આનાથી વિરૂધ્ધની કોઈ હકીકત પુરાવામા નીકળી આવતી નથી.

(૧૦.૧૨) ફરીયાદપક્ષે આ કામે તપાસ કરનાર અમલદાર અંકુશ મનોજભાઈ ગેલોતને સાહેદ નં. ૧૩થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો તેઓ તેમની ફરજ ઉપર હતા તે દરમ્યાન સદર ગુનાની તપાસ

તેઓને મળેલ. સદર ગુના સબંધી ગુનાવાળી જગ્યાનુ પંચનામું, ભોગબનનારનુ નિવેદન, ભોગ બનનારનુ બી. એન. એસ. એસ.ની કલમ – ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા માટે કાર્યવાહી કરી નિવેદન લેવડાવેલ હોવાની, તપાસ દરમ્યાન ભોગબનનારના નિવેદનમા ભોગબનનારને ગર્ભ રહેલ હોવા અંગેની હકીકતો ફલીત થતાં નામ. કોર્ટમા પોકસો એકટની કલમોનો ઉમેરો થયો હોય, ભોગબનનારનુ ગર્ભપાત કરાવવા માટેની જરૂરી યાદી કરેલ, તપાસ દરમિયાન કબજે કરેલ કપડાં એફ. એસ. એલ.મા તપાસણી અર્થે રવાનગી નોંધ સાથે હોવાનુ તથા બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ હોવાનુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લઈ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ સાહેદે પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી બાબતનો પુરાવો આપેલ છે.

**<u>મુદ્દા નં. (૨) :–</u>**

(૧૧) આરોપી ઉપર ભોગબનનારને લલચાવી ફોસલાવી પટાવી જારકર્મ કરવાની ફરજ પાડવા તેનુ અપહરણ, અપનયન કે લાલચ આપવા અંગે આક્ષેપ છે જે અંગે જોઈએ તો..

(૧૧.૧) **બી.એન.એસ.ની કલમ ૮૭.** જે કોઈ વ્યકિત, કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરૂધ્ધ કોઈ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા તેને ફરજ પાડવામા આવશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં અથવા તેને લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામા આવશે એવો સંભવ હોવાનું જાણવા છતાં તેનુ અપહરણ કરે અથવા અપનયન કરે, તેને ૧૦ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે, અને દંડ ને પણ પાત્ર થશે. એ જે વ્યકિત, કોઈ સ્ત્રીને અન્ય વ્યકિત સાથે લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાની અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામા આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તે સ્ત્રીને આ અધિનીયમની વ્યાખ્યા કર્યા મુજબની ગુનાહીત ધમકીથી અથવા અધિકારનો દુરૂપયોગ કરીને અથવા બીજી કોઈ

રીતે જબરજસ્તી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે તેને પણ ઉપર જણાવ્યા મુજબની શિક્ષા કરવામા આવશે.

(૧૧.૨) હવે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા મુદ્દા નં. ૧મા ચર્ચા કર્યા મુજબ ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૫ વર્ષ ૦૮ માસની હતી એટલે કે, ભોગબનનારની બનાવ સમયે ૧૮ વર્ષથી નીચેની હતી. ભોગબનનાર તથા અન્ય સાહેદોનો પુરાવો સંયુકત રીતે વંચાણે લેતાં એ હકીકત પુરવાર થાય છે કે, ભોગબનનાર બનાવ સમયે તેમના માતા સાથે રહેતા હતા. તા. ૧૪/૦૨/૨૦૨૫ના રોજ બપોરના આશરે ત્રણ વાગ્યાની આસપાસ તેણી કઠલાલ રેલ્વે ફાટક બાજુ કુદરતી હાજતે જવા માટે એકલી ગયેલ તે દરમ્યાન આરોપી તેણી પાસે આવી ગયેલ અને એકદમ તેણીને બાથમા પકડી લઈ જમીન ઉપર સુવડાવી દઈ તેણીની લેંઘી કાઢી તેણી સાથે તેની મરજી વિરૂધ્ધ જબરજસ્તી બળાત્કાર કરેલ ત્યારબાદ ફરીથી તેણી રેલ્વે ફાટક બાજુ જતી ત્યારે આરોપી ઝાડી ઝાંખરામાં લઈ જઈ ભોગબનનારની એકલતાનો લાભ લઈ ભોગબનનાર સાથે બળજબરીપુર્વક બળાત્કાર કરી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ. રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં આરોપીએ ભોગબનનારની ઈચ્છા વિરૂધ્ધ ઝાડીઝાંખરામાં લઈ જઈ ધમકી આપી લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડેલ છે. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપીએ બી.એન.એસ.ની કલમ–૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે તેવુ આ કોર્ટનુ માનવુ છે. જેથી **મુદ્દા નં. (૨) નો જવાબ હકાર**મા ઠરાવવામા આવે છે.

**<u>મુદ્દા નં. (૩) :–</u>**

(૧૨) આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧, ૩૫૧(૩) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષ આ હકીકત નિ:શંકપણે સાબીત કરે છે કે કેમ ? તે અંગે સૌ પ્રથમ બી.એન.એસ.ની કલમ–૬૩મા બળાત્કારની વ્યાખ્યા આપવામા આવેલ છે જે નીચે મુજબ છે.

(૧૨.૧) **બી.એન.એસ.ની કલમ–૬૩ બળાત્કાર :–** કોઈ પુરૂષે બળાત્કાર કર્યો ગણાશે, જો તે –(ક) સ્ત્રીના પ્રજનન ભાગ, મોં, પેશાબની નળી અથવા ગુદાના ભાગે તેનુ શિશ્ન દાખલ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરતાં પ્રેરે અથવા

(બ) શિશ્ન સિવાય શરીરનો કોઈપણ ભાગ અથવા કોઈ વસ્તુ સ્ત્રીના પ્રજનન ભાગ, મુત્રનલીકા, અથવા ગુદાના ભાગમા ગમે તેટલા હદથી દાખલ કરવી અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે અથવા

(ગ) સ્ત્રીના શરીરનો પ્રજનનનો ભાગ, મુત્રનલીકા, ગુદા અથવા શરીરના કોઈપણ ભાગમાં હાથથી પ્રવેશ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે અથવા

(ઘ) સ્ત્રીના પ્રજનન ભાગ, મુત્રનલીકા, ગુદાના ભાગે તેનુ મોં લગાવવુ અથવા તેણીને તેની સાથે અથવા બીજા પુરૂષ સાથે તેમ કરવા પ્રેરીને, નીચે વર્ણવેલા સાત પૈકીના કોઈપણ સંજોગો હેઠળ તેમ કરે.

પ્રથમ :– તે સ્ત્રીની ઈચ્છા વિરૂધ્ધ.

બીજો :– તે સ્ત્રીની સંમતિ સિવાય.

ત્રીજો :– તે સ્ત્રીની સંમતિથી, જયારે તેણીની સંમતિ તેણીને અથવા તેને જે વ્યકિતમા હિત હોય તેવી વ્યકિતના ઈજા અથવા મૃત્યુના ભય નીચે મેળવેલ હોય

ચોથો :– તેણીની સંમતિથી, જયારે પુરૂષ જાણતો હોય કે, તે તેણીનો પતિ નથી અને તેણીની આપેલ સંમતિનુ કારણ તે બીજો પુરૂષ જેની સાથે તેણીના કાયદેસર લગ્ન થયાનુ તેણી માનતી હોય.

પાંચમો :– તેણીની સંમતિથી, જયારે સંમતિ આપતી વખતે અસ્થિર મગજ અથવા નશો અથવા તેણીને જાતે અથવા અન્ય કોઈ મારફતે કોઈ નશાયુકત અગર મુર્છીત કરનાર પદાર્થ આપવામા આવે જેથી તેણીએ આપેલ સંમતિનો અર્થ અને તેનુ પરિણામ સમજી શકવા અશકિતમાન હોય,

છઠ્ઠો :– તેણીની સંમતિ અથવા સંમતિ વિના જયારે તેણી ૧૮ વર્ષની નાની ઉમરની હોય.

સાતમો :– જયારે તેણી સંમતિ પ્રસારીત કરવા અસમર્થ હોય.

(૧૨.૨) **બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ)** મુજબ એક જ સ્ત્રી પર વારંવાર બળાત્કાર કરે, તેને દસ વર્ષથી ઓછી ન હોય તેવી મુદત માટે સખત કેદની સજા થશે, પરંતુ જે આજીવન કેદ સુધી લંબાવી શકે છે જેનો અર્થ તે વ્યકિતના કુદરતી જીવનની બાકી કેદ થશે અને દંડ માટે પણ જવાબદાર રહેશે.

(૧૨.૩) **બી.એન.એસ.ની કલમ–૬૫(૧)** મુજબ જે કોઈ સોળ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રી પર બળાત્કાર કરે છે, તેને વીસ વર્ષથી ઓછી ન હોય તેવી સખત કેદની સજા થશે, પરંતુ જે આજીવન કેદ સુધી વધી શકે છે. જેનો અર્થ તે વ્યકિતના કુદરતી જીવનના બાકીના સમય માટે કેદ થશે, અને તે દંડને પણ પાત્ર થશે.

(૧૨.૪) **બી.એન.એસ.ની કલમ–૭૧** મુજબ જે કોઈ વ્યકિત કલમ–૬૪ અથવા ૬૫ અથવા કલમ ૬૬ અથવા કલમ ૭૦ હેઠળ શિક્ષાપાત્ર હોય તેવા ગુના માટે અગાઉ દોષિત ઠરેલ હોય અને સદરહુ કલમો પૈકીની કોઈપણ કલમ હેઠળ શિક્ષાપાત્ર ગણાતા ગુના માટે ત્યાર પછી પણ દોષિત ઠરે તેને (આજીવન કેદની એટલે કે તે વ્યકિતની જીંદગીના બાકી રહેલા વર્ષોની કેદની શિક્ષા અથવા મૃત્યુ દંડ કરવામા આવશે)

(૧૨.૫) ઉપરોકત મુદ્દા નં. ૧મા ચર્ચા કર્યા મુજબ ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૬ વર્ષથી નીચેની હતી. ઉપરોકત રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન અગાઉ કરવામા આવેલ છે. તે મુજબ આરોપીએ ભોગબનનાર સાથે અવારનવાર શરીર સંબંધો બાંધેલા. વધુમા ભોગબનનારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમા તથા પોલીસ રૂબરૂના નિવેદનમા આરોપીએ તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધો બાંધેલ હોવાનુ જણાવેલ છે. ભોગબનનારે કોર્ટ સમક્ષ આપેલ પુરાવો, ડોકટર સમક્ષ આપેલ હીસ્ટ્રી આ તમામ પુરાવા સંયુકત રીતે વાંચતા એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનુ જાણવા છતાં એકથી વધુ વખત ભોગ બનનાર સાથે

શારીરીક સંબંધ બાંધેલ છે. આ કામે મેડીકલ ઓફીસરે આરોપી શારીરીક સંબંધ બાંધવા સક્ષમ હોવાનો પુરાવો આપેલ છે. બચાવપક્ષે આ હકીકતોનુ ખંડન કરતો કોઈ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. આમ, જયારે ભોગબનનારે કોર્ટ સમક્ષ પુરાવો આપી આરોપીએ તેની સાથે એકથી વધુ વાર શારીરીક સબંધ બાંધેલ હોવાનો પુરાવો આપેલ હોય તેમજ ડોકટર સમક્ષની હીસ્ટ્રીમા પણ આ જ હકીકત જણાવેલ હોય જેથી તે નહી માનવાને કોઈ કારણ નથી. આમ, ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય છે. વધુમાં આ કામના આરોપી વિરૂધ્ધ અગાઉ કઠલાલ પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૧૨૧/૨૦૧૯ના કામે ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબનો ગુનો નોંધાયેલ તે અન્વયે ખેડા જિલ્લાના મહે. બીજા એડી. સેશન્સ જજ તથા વિ.સ્પે. પોકસો જજ સાહેબની અદાલતમાં ચાર્જશીટ થતાં પોકસો કેસ નં. ૯૨/૨૦૧૯થી પડેલ જે કેસ ચાલી જતાં આરોપીને તે ગુના મા તકસીરવાર ઠરાવી સજા કરવામાં આવેલી. જે ચુકાદાની નકલ સદર કામે આંક–૯૨ થી રજુ થયેલ છે, એટલે કે આરોપી આવા જ પ્રકારના ગુનામા અગાઉ દોષિત ઠરેલ છે.

(૧૨.૬) ફરીયાદપક્ષ તરફે એવી દલીલ કરેલ છે કે, ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉમરની છે. જેથી ભોગબનનારની સંમતિથી શરીર સંબંધ બાંધ્યો હોય તો પણ તે બળાત્કારનો ગુનો ગણાય. આ દલીલના સમર્થનમા વિ.એ.પી.પી.શ્રીએ નામદાર ગુજરાત હાઈકોર્ટે ધી સ્ટેટ ઓફ ગુજરાત વિ. અશોકભાઈ સ/ઓ માવજીભાઈ કેશવજીભાઈ પરમારના કેસમાં આપેલ ચુકાદો (ફોજદારી અપીલ નં. ૧૧૫૩/ ૨૦૧૭ સાથે ફોજદારી અપીલ નં. ૩૯૪/૨૦૧૮, તા. ૧૩/૦૬/૨૦૧૮) રજુ કરેલ છે. આ કેસની હકીકત મુજબ ભોગબનનાર બાળકની ઉમર ૧૬ વર્ષ કરતા ઓછી હતી, તેણી સ્વેચ્છાએ આરોપી સાથે ભાગી ગયેલી, તેઓ બંને વચ્ચે પ્રેમસંબંધ હતો. આરોપીએ ભોગબનનારની સંમતિથી શરીર સંબંધ બાંધેલા. જેમાં નામદાર હાઈકોર્ટે એવુ ઠરાવેલુ કે, ૧૮ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રી સાથે કરેલ શારીરીક સંબંધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૬૩ અને ૬૪ હેઠળ દુષ્કર્મ છે. વધુમાં ૧૮ વર્ષની નીચેની

બાળા, બાળકોને જાતિય ગુનામાંથી રક્ષણ આપતા અધિનિયમની કલમ–૨(ડી) હેઠળ ''બાળક'' છે. તેથી આરોપીનુ આ કૃત્ય બાળકોને જાતિય ગુનામાંથી રક્ષણ આપતા અધિનિયમની કલમ ૩ હેઠળ ગુનો બને છે.

પ્રસ્તુત કેસમા પણ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ભોગબનનાર ''બાળક'' છે. જેથી બી.એન.એસ.ની કલમ–૬૩મા કરવામા આવેલ જોગવાઈ મુજબ ''બાળક''ની સંમતિથી કે સંમતિ વગર સંભોગ થયેલ હોય તો પણ તે બળાત્કારનો ગુનો ગણાય. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતા બનાવ સમયે આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવા છતાં આરોપીએ ભોગબનનારની સાથે એકથી વધુ વખત સંભોગ કરી બળાત્કાર કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર થાય છે તેવુ આ કોર્ટનુ માનવુ છે.

(૧૩) **બી.એન.એસ.ની કલમ–૩૫૧(૩) ગુનાહીત ધમકી માટે શિક્ષા :–**

જે કોઈ વ્યકિત ગુનાહીત ધમકી આપે અને તેવી ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્રહીનતાનુ આળ મુકવાની હોય તેને સાત વર્ષની મુદત સુધીની કેદની કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામા આવશે.

(૧૩.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૧(૩)નાં આવશ્યક તત્વોની ચર્ચા કરવામાં આવે તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે સાબિત કરવાની રહે છે. માત્ર જાનથી મારી નાખવાની ધમકી આપી છે તેટલા શબ્દો માત્રથી સદર કલમ મુજબનો ગુનો બનવાપાત્ર થતો નથી, પરંતુ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૧(૩) મુજબની ધમકી બાદ ફરીયાદીને ભય ઉભો થયેલ હોવો જોઈએ અને તે મુજબ ધમકીનાં કારણે ભોગબનનાર પોતે જે કામ કરવું જોઈએ તે ન કરેલ હોય તેમજ જે કામ ન કરવું જોઈએ તે કામ કરેલ હોય અથવા તેવી

ગુનાહિત ધમકીનાં કારણે ભયમાં મુકાયેલ હોય અને તેઓ તેમના દૈનિક કાર્યો તેવા ભયના કારણે કરી શકે તેમ ન હોય અને આરોપી ધ્વારા આપવામાં આવેલ ધમકીનાં કારણે તેઓ સતત ભયમાં રહેતા હોય તેવી હકીકત રેકર્ડ પર લાવવી ફરીયાદ પક્ષની ફરજ બની રહે છે. ઉપરોકત હકીકતને નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષે તપાસેલા ફરીયાદી/ ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ભોગબનનારને આરોપી ધ્વારા આપવામાં આવેલ ધમકી બાદ સતત ભયમાં રહેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવેલ નથી તેમજ ધમકીનાં કારણે ભોગબનનાર તેઓનું રોજીંદુ કામ કરવા માટે અસમર્થ હોય અને સતત ભયમાં રહેતા હોય તેવી પણ કોઈ હકીકત તેઓનાં પુરાવા પરથી જણાય આવતી નથી. આમ, તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનાં કારણે તેઓ સતત ભયનાં ઓથાર હેઠળ જીવતા હોય તેવું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોય આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૫૧(૩) મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર થતું નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપીએ બી.એન.એસ.ની કલમ-૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ૭૧ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ નિવડેલ છે તથા બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩) હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય તેવુ આ કોર્ટનુ માનવું છે જેથી **મુદ્દા નં. (૩)નો જવાબ અંશત: હકારમા** ઠરાવવામા આવે છે.

**<u>મુદ્દા નં. (૪) :-</u>**

(૧૪) આરોપી સામે જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૩(એ), ૪, ૫(એલ)(જે)(૨), ૬, ૧૨મા કરવામા આવેલ જોગવાઈઓનો ભંગ કરેલ હોવાનો આક્ષેપ છે એટલે કે, આરોપી સામે સદર કાયદાની કલમ-૪, ૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. સદર કાયદાની કલમ ૩(એ), ૫(એલ) તથા ૧૧ નીચે મુજબ છે.

(૧૪.૧) **કલમ–૩. પ્રવેશ જાતિય હુમલો :–** કોઈ પણ વ્યકિતએ નીચેના સંજોગોમા ''પ્રવેશ જાતિય હુમલો'' કર્યો છે તેવુ કહેવામા આવશે.

(એ)..પોતાનુ લીંગ કોઈ પણ સીમા સુધી કોઈ બાળકના યોનિમાર્ગ, મોઢામા, મુત્ર માર્ગમા અથવા ગુદામા પ્રવેશ કરાવે અથવા બાળક ધ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કોઈ કૃત્ય કરાવે અથવા

(બી)..કોઈ વસ્તુ અથવા શરીરના કોઈ પણ ભાગને કે જે લીંગ નથી તેને કોઈ પણ સીમા સુધી બાળકની યોનિ, મુત્ર માર્ગ અથવા ગુદામા દાખલ કરે અથવા બાળક ધ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કોઈ કૃત્ય કરાવે અથવા,

(સી)..કોઈ બાળકના શરીરના કોઈપણ અંગ સાથે હસ્તક્રિયા કરે કે જેનાથી તે બાળકની યોની, મુત્રમાર્ગ અથવા ગુદા અથવા શરીરના કોઈ પણ ભાગમા પ્રવેશ કરી શકે અથવા બાળક ધ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કોઈ કૃત્ય કરાવે, અથવા

(ડી)..બાળકના લીંગ, યોની, ગુદા અથવા મુત્રમાર્ગ ઉપર પોતાનુ મોઢુ લગાવે અથવા બાળકને એવી વ્યકિત સાથે અન્ય કોઈ વ્યકિત સાથે આવુ કરાવે.

(૧૪.૨) **કલમ–૪. પ્રવેશ જાતિય હુમલો માટેની સજા :–** જે કોઈપણ પ્રવેશ જાતિય હુમલો કરશે તેને બેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા કે જેનો સમય સાત વર્ષથી ઓછો ન હોય પણ જેને આજીવન કેદ સુધી કરી શકાશે અને તે દંડને પાત્ર થશે.

(૧૪.૩) **કલમ–૫. ગંભીર પ્રવેશ જાતિય હુમલો :–**

**(એલ)** જે, કોઈ બાળક ઉપર એકથી વધુ વખત અથવા વારંવાર પ્રવેશ જાતિય હુમલો કરે અથવા......

**(જે)(૨)** કોઈ કન્યાના કીસ્સામા તે જાતિય હુમલાના પરિણામ સ્વરૂપ ગર્ભવતી થઈ જાય.

(૧૪.૪) **કલમ–૬. ગંભીર પ્રવેશ જાતીય–હુમલા માટેની સજા :–**

જો કોઈપણ ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરે તેને વીસ વર્ષ કરતા ઓછી ન હોય તેવી સખત કેદની સજા કે જેને આજીવન કેદ સુધી વિસ્તારી શકાય અને આ સાથે દંડને પણ પાત્ર ઠરશે.

(૧૫) હવે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨મા કરવામા આવેલ જોગવાઈ મુજબ આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને ૯ અન્વયેના ગુનાઓ અંગે માની લેવાની બાબત, તથા આરોપીની ગુનહાહિત માનસિક સ્થિતિ માની લેવા બાબતે કલમ–૨૯ અને ૩૦ મા જોગવાઈ કરવામા આવેલ છે, જે નીચે મુજબ છે.

**કલમ–૨૯ :–** જયાં, કોઈ વ્યકિતને આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામા આવે ત્યારે, સ્પેશિયલ કોર્ટ દ્વારા જયાં સુધી તેના વિરુધ્ધનુ સાબીત કરવામા ન આવે ત્યાં સુધી, એવુ માની લેવામા આવશે કે, આવા વ્યકિતએ, યથાપ્રસંગ, એવો ગુન્હો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

**કલમ–૩૦ :– ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત (અનુમાન):**

(૧). આ અધિનિયમ અન્વયેના કોઈ પણ ગુના માટે કોઈ પણ ઈન્સાફી કાર્યવાહીમાં, કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે, સ્પેશ્યલ કોર્ટ આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમા સાબીત કરવુ પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મુકવામા આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સંબંધ રહેતો નથી.

(૨). આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબીતી ત્યારે જ ગણવામાં આવશે કે, જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈ પણ શંકા સિવાય આવુ થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી જયારે તે બન્યા હોવાની સંભાવનાની પ્રબળતા દ્વારા સ્થાપિત થયેલ હોય.

**સ્પષ્ટીકરણ:–** આ અધિનિયમમા **''ગુનાહિત માનસિક સ્થિતિ''** મા ઈરાદો, પ્રેરક /પ્રવર્તક કોઈ હકીકતનુ જ્ઞાન તથા કોઈ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈ પણ કારણનો સમાવેશ થાય છે.

(૧૫.૧) ફોજદારી કેસોમા સામાન્ય રીતે જયારે કાયદામા કોઈ સ્પષ્ટ જોગવાઈ ન હોય ત્યારે જે ગુન્હાનુ તહોમત આરોપી વિરુધ્ધ મુકવામા આવ્યુ હોય ત્યારે તે તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ પર રહે છે. પરંતુ જયારે કોઈ પણ કાયદામા સ્પષ્ટ જોગવાઈ કરી અને રીવર્સ સાબીતીનો બોજો આરોપી ઉપર મુકવામા આવેલ હોય ત્યારે પોતે તે ગુનાહીત કૃત્ય કરેલ નથી તેવુ સાબીત કરવાનો બોજો આરોપી પર રહે છે. પોકસો એકટની કલમ–૩, ૫, ૭ અને ૯ મુજબના ગુન્હા અંગેનુ તહોમત જયારે આરોપી પર મુકવામા આવેલ હોય ત્યારે પોકસો એકટની કલમ–૨૯ મુજબ આરોપીએ તેવુ ગુન્હાહિત કૃત્ય કરેલ છે અથવા તો તે અંગેનુ દુષ્પ્રેરણ કે તેવુ ગુનાહીત કૃત્ય કરવા પ્રયત્ન કરેલ છે તેવી હકીકતનુ અનુમાન કોર્ટ જયાં સુધી તેનાથી વિરુધ્ધની હકીકત તેવી વ્યકિત પુરવાર ન કરે ત્યાં સુધી કરવાનુ રહે છે. તેજ રીતે તેવુ ગુનાહીત કૃત્ય કરતા સમયે તેવા વ્યકિતની માનસિક સ્થિતિ તે ગુનાહીત કૃત્ય કરવાની હતી અને તે માનસિક સ્થિતિમા તેનો ઈરાદો, પ્રેરક/પ્રવર્તક, કોઈ હકીકતનુ જ્ઞાન તથા કોઈ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈ પણ કારણનુ પણ સમાવેશ કરવામા આવે છે. પરંતુ સામાન્ય ક્રમમાં પોકસો એકટની કલમ–૩, ૫, ૭, ૯મા દર્શાવ્યા મુજબના ગુનાહીત કૃત્યની પાયાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલી છે. અને ફરિયાદપક્ષ તેવી હકીકત પુરવાર કરે ત્યારે કાયદાકીય જોગવાઈઓ મુજબ રીવર્સ સાબીતીનો બોજો આરોપી પર રહે.

હવે હાલના કેસમા આરોપી વિરુધ્ધ અન્ય ગુનાઓ પૈકી પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨ મુજબના ગુનાહીત કૃત્યનુ પણ તહોમત છે ત્યારે પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ મુજબનુ અનુમાન જે તે ગુન્હા માટે આરોપીની વિરુધ્ધ કરવા પાત્ર રહે છે. પરંતુ તે માટે પ્રાથમિક પુરાવો રજુ કરવો તે ફરિયાદપક્ષની ફરજ બની રહે છે.

(૧૫.૨) રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં હાલના કેસમા જયારે સગીરવયની ભોગબનનાર આરોપી થકી જ ગર્ભવતી હોવાની હકીકત ડોકટર, સાયન્ટીફીક ઓફીસરના તથા મેડીકલ અને સાયન્ટીફીક પુરાવાથી નિ:સંદેહ પુરવાર થયેલ છે. વળી, ડોકટર સાહેદોના પુરાવાથી પણ ભોગબનનાર ગર્ભવતી હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ છે. વધુમાં સાયન્ટીફીક પુરાવાથી એટલે કે ડી.એન.એ. રીપોર્ટ જોતા ભોગબનનારના ભૃણના જૈવિક પિતા હાલના આરોપી હોવાની હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે. વધુમા મેડીકલ પુરાવો જોતા આરોપી શારીરીક રીતે સંભોગ કરવા સક્ષમ છે. આ તમામ હકીકત જોતા ભોગબનનાર અને આરોપી વચ્ચે એકથી વધુ વખત શારીરીક સબંધ બંધાયેલ અને તેના કારણે ભોગબનનાર ગર્ભવતી થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

(૧૫.૩) ઉપરોકત મુદ્દા નંબર–૧ મા ચર્ચા કર્યા મુજબ ભોગબનનારની બનાવ સમયે ઉમર ૧૫ વર્ષ અને ૦૮ માસ ૦૫ દીવસની હતી એટલે કે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૨(ડી)મા કરવામા આવેલ જોગવાઈ મુજબ ભોગબનનારનો ''બાળક''ની વ્યાખ્યામા સમાવેશ થાય છે. વધુમા આરોપી, ભોગબનનાર ''બાળક'' હોવાનુ જાણતા હોવા છતા આરોપીએ ભોગબનનારને લગ્ન બાહય સંભોગ કરવાના ઈરાદે ઝાડીઝાંખરામા લઈ ગયેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. ત્યારે આરોપીનો પ્રથમથી જ ઈરાદો ભોગબનનાર સાથે બદકામ કરવાનો હતો. જયારે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ભોગબનનાર સાથે એકથી વધુ વખત બળાત્કાર (સંભોગ) કરી ગર્ભવતી કરેલ હોવાનુ પણ પુરવાર થયેલ છે. તે જોતા આરોપીએ જે કૃત્ય કરેલ છે તે કૃત્યનો સમાવેશ પ્રવેશ જાતિય હુમલા તથા ગંભીર પ્રવેશ જાતિય હુમલાની વ્યાખ્યામા થાય છે. આરોપી પક્ષે આનાથી વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર: પુરાવો જોતા આરોપીએ જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪, ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનુ પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ નિવડેલ છે.

(૧૬) હવે આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. કલમ–૧૨મા જાતિય સતામણી માટેની સજાની જોગવાઈ છે અને કલમ–૧૧મા જાતિય સતામણી કોને કહેવાય તેની જોગવાઈ કરવામા આવેલ છે જે નીચે મુજબ છે.

(૧૬.૧) **કલમ–૧૧ :– જાતીય–સતામણી અને તેના માટેની શિક્ષા**

એવી વ્યકિત, કે જે વ્યકિત જાતીય ઈરાદા સાથે,–

કોઈ શબ્દ ઉચ્ચારે અથવા કોઈ અવાજ કાઢે કે જેને બાળક સાંભળી શકે, અથવા કોઈપણ હાવભાવ દ્વારા અથવા ઈરાદાથી કોઈ વસ્તુ કે શરીરનો કોઈપણ અંગ બતાવે કે જેને બાળક જોઈ શકે; અથવા

બાળકને તેના શરીર અથવા તેના શરીરનો કોઈપણ ભાગને એવી રીતે પ્રદર્શીત કરાવે કે, તેને આવી વ્યકિત અથવા અન્ય કોઈ વ્યકિત જોઈ શકે; અથવા

નગ્ન કામચેષ્ટાના ઈરાદા સાથે પ્રચાર–પ્રસારના માધ્યમ અથવા અન્ય કોઈપણ રીત દ્વારા બાળકને કોઈ વસ્તુ તરીકે દેખાડવો: અથવા

પ્રત્યક્ષ રીતે કાંતો ઈલેકટ્રોનીક અથવા તો આંકડાકીય રીતે અથવા અન્ય કોઈપણ સાધન દ્વારા વારંવાર અથવા સતત બાળકનો પીછો કરવો અથવા નજર રાખવી; અથવા

બાળકને કોઈપણ પ્રચાર–પ્રસારના કોઈપણ માધ્યમ દ્વારા, વાસ્તવિક કે બનાવટી/ખોટી રીતના ચિત્ર/શબ્દોમાં કે જે ઈલેકટ્રોનીક, ચલચિત્ર અથવા આંકડાકીય અથવા અન્ય કોઈપણ રીતના માધ્યમ દ્વારા, બાળકના શરીરના કોઈપણ ભાગને અથવા બાળકને સાંકળીને જાતીય–કૃત્ય માટે રજૂ કરીને ઉપયોગ કરવાની ધમકી આપવી; અથવા નગ્ન કામચેષ્ટાના હેતુસર બાળકને લલચાવવો અથવા આના માટે બાળકને ઉપહાર આપવો:

તેઓ એ બાળક ઉપર જાતીય–સતામણી કરે છે, તેમ કહેવાય.

**ખુલાસા :** 'જાતીય–ઈરાદા" સંબંધીત કોઈપણ સંલગ્નતાનો પ્રશ્ન એ "હકીકતનો પ્રશ્ન' ગણાશે.

(૧૬.૨) **જાતીય સતામણી માટેની શિક્ષા**

જે કોઈપણ, બાળક ઉપર જાતીય–સતામણીનો ગુનો કરશે તેને, બન્યનેમાંથી કોઈપણ પ્રકારની કારાવાસ કે જેને ત્રણ વર્ષ સુધીની કોઈપણ સમયગાળા માટેની કારાવાસની શિક્ષા થઈ શકાશે અને તે દંડને પાત્ર પણ ઠરશે.

આમ, ઉપરોકત કલમમા જાતિય સતામણી અંગે જે જોગવાઈ કરવામા આવેલ છે તેમાં જણાવેલ જોગવાઈ મુજબનો આરોપીએ ગુનો કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. એટલે કે આરોપીએ સદરહુ કલમની જોગવાઈ મુજબ ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે તેવુ આ કોર્ટનુ માનવુ છે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સદર **મુદ્દા નં. ૦૪નો જવાબ અંશત: હકારમા** ઠરાવવામા આવે છે.

(૧૭) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેના બી.એન.એસ.ની કલમ–૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય આરોપીને સદર ગુનામા નિર્દોષ ઠરાવવામા આવે છે. જયારે આરોપી સામેના બી.એન.એસ.ની કલમ–૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪, ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામા ફરિયાદપક્ષ સફળ નિવડેલ છે, જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૨) અન્વયે સદરહું શિક્ષાપાત્ર ગુન્હાઓમા  આરોપીને તકસીરવાર ઠરાવવામા આવે છે, અને સજા અંગે આરોપીને સાંભળવા માટે આ ચુકાદો મુલત્વી રાખવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૬મી, માહે. માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૦૬/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ

**-: : સજા અંગે સાંભળ્યા : :-**

(૧૮) આરોપીના વિ. વ. શ્રી હાજર છે તથા આરોપી વિડીયો કોન્ફરન્સ માફરત જેલમાં થી હાજર છે. આરોપીને સજા અંગે સાંભળ્યા. તેઓએ એવી રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ છે. તેઓ યુવાન વયના છે. તેઓના કુટુંબમાં કોઈ નથી. જેથી ઓછામા ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૯) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આરોપીને અગાઉ પોકસો કેસ નં. ૯૨/૨૦૧૯માં દોષિત ઠરાવેલ છે જે આંક-૯૨થી સદર કામે રજુ કરેલ છે. ફરીથી આવા જ પ્રકારનો ગુનો કરેલ હોય તેને મહત્તમ સજા કરવા તથા ભોગબનનારને નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવુ વળતર અપાવવા વિનંતી કરેલ છે.

(૨૦) વધુમા આ કામે ભોગબનનાર બાળા બનાવ વખતે ઉમર ૧૫ વર્ષ ૦૮ માસ ૦૩ દીવસની હતી. આરોપીને અગાઉ પણ આવા જ પ્રકારના ગુનામા દોષિત ઠેરવેલ છે જેથી આરોપીના આવા કૃત્યને હળવાશથી લઈ શકાય નહી. જો આરોપી મુકત રહે તો સમાજમા અને ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોમાં અસાલમતીની ભાવના જન્મશે. આજીવન કેદથી સમાજમાં એક મજબૂત સંદેશ જાય છે કે આવા કૃત્યો સહન કરવામાં આવશે નહી. આ કામના આરોપીએ અગાઉ પણ આવા જ પ્રકારનો ગુનો કરેલ છે જે દર્શાવે છે કે, અગાઉની સજાની તેના ઉપર કોઈ હકારાત્મક અસર થઈ નથી. જયારે આરોપી આદતવશ ગુનો કરતો હોય ત્યારે તેને સુધારવાની તક આપવી એ સમાજ માટે જોખમી છે. ન્યાયિક દૃષ્ટિએ 'Rehabilitation' (સુધારણા) કરતા 'Incapacitation' (અક્ષમ બનાવવો-જેલમાં રાખવો) એ વધુ મહત્વનુ બને છે. અદાલતની જવાબદારી માત્ર આરોપીને જોવાની નથી, પરંતુ સમાજને આવા તત્વોથી સુરક્ષિત રાખવાની પણ છે. આરોપીને આજીવન કેદ એ સમાજ માટે ''સુરક્ષા કવચ'' સમાન છે. જો આવા જઘન્ય ગુનામાં નરમ વલણ અપનાવવામાં આવે તો સામાન્ય જનતાનો ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠી શકે છે. ભોગબનનાર માતાપિતા મજુરી કરતા ઈસમ છે. આ બનાવથી ભોગબનનારને શારીરીક અને માનસિક હાની થયેલ છે અને આ બનાવથી ભોગબનનારની બાકીની સામાન્ય જીંદગી ઉપર પણ અસર પડેલ છે અને બળાત્કારનો

ગુનો માત્ર શરીરને અસર કરે તેવો ગુનો તો છે, પરંતુ વ્યકિતના આત્માનુ મૃત્યુ થાય તેવો ગુનો છે. આ ભોગબનનાર બાળાને પોતાના બાકીની જીવન માટે અને પુન:વસન માટે યોગ્ય વળતરનો હુકમ પણ કરવો ન્યાયી જણાય છે. જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત ૨૦૧૨ની કલમ-૩૩(૮) અને નિયમ-૭ મુજબ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭(એ) મુજબ અને નામ.સુપ્રિમ કોર્ટ દવારા રીટ પીટીશન (સિવિલ) નં. ૫૬૫/૨૦૧૨-નિપુણ સકસેના વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા, તા. ૦૫/૦૯/૨૦૧૮ના ચુકાદા મુજબ ગુજરાત વિકટીમ કોમ્પેસેશન સ્કીમ-૨૦૧૯ ની જોગવાઈઓ મુજબ ભોગબનનારને રૂા. ૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ચુકવવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ખેડા(નડીઆદ)ને હુકમ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ તમામ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: : આખરી હુકમ : :-**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૫૮(૧) અન્વયે આ કામના આરોપી રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયા, રહે. ખાડા વિસ્તાર, મુ. પો. તા. કઠલાલ, જિ. ખેડાને બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૧૨ની કલમ-૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમા નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે. જયારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૫૮(૨) અન્વયે સદર આરોપીને બી.એન.એસ.ની કલમ-૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ-૨૦૧૨ની કલમ-૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમા તકસીરવાર ઠરાવી નીચે મુજબની સજાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપી રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયાને બી. એન.એસ.ની કલમ-૮૭ મુજબના ગુન્હા સબબ ૪ વર્ષની સાદી કેદની સજા તથા રુપિયા ૨,૫૦૦/- (અંકે રુપિયા બે હજાર પાંચસો પુરા)નો દંડ કરવામા આવે છે. જો

આરોપી દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપી રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયાને ભારતીય ન્યાય સંહીતાની કલમ–૭૧ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ આજીવન કેદની એટલે કે આરોપીની બાકી રહેલ કુદરતી જીંદગી સુધીની કેદની શિક્ષા કરવામા આવે છે.

(૪) આરોપી રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયાને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪, ૬ તથા બી.એન.એસ.ની કલમ– ૬૪(૨)(એમ), ૬૫(૧), ૭૧ મુજબના ગુના પુરવાર થયેલ છે. જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪૨ની જોગવાઈ ધ્યાને લેતા પ્રસ્તુત કેસમા આરોપી સામે જે ગુના પુરવાર થયેલ છે તે પૈકી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૭૧માં સજા મહત્તમ હોવાથી જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ની કલમ–૪, ૬ અને બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ), ૬૫(૧) માં અલગથી સજા કરવામાં આવતી નથી.

(૫) આ ગુન્હા અંગે આરોપી દંડની રકમ ભરે તો તે રકમ ભોગબનનારને વળતર તરીકે અપીલ સમય બાદ, અપીલ થયેલ ન હોય તો તેની ખરાઈ કરીને ભોગબનનારને ચુકવી આપવા હુકમ કરવામા આવે છે.

(૬) આરોપી રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયાને ફરમાવેલ તમામ સજા એક સાથે ભોગવવી, તથા તેઓએ કાચા કામના કેદી તરીકે જેલમા વિતાવેલ સમય ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૬૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામા આવે છે.

(૭) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૦૪ અન્વયે આ ચુકાદાની એક પ્રમાણિત નકલ આરોપી રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ

વાંસફોડીયાને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

(૮) હુકમ મુજબ આરોપી રાહુલ ઉર્ફે બોકડો સન/ઓ દીલીપભાઈ ઉર્ફે દીનેશભાઈ વાંસફોડીયાનુ સજા વોરંટ ભરવા હુકમ કરવામા આવે છે.

(૯) આ કામે કબજે લેવામા આવેલ બીનકીમતી મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

(૧૦) ગુજરાત વિકટીમ કોમ્પેસેશન સ્કીમ–૨૦૧૯મા કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ ભોગબનનારને રૂા. ૫,૦૦,૦૦૦–/ (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ચુકવવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ખેડા(નડીઆદ)ને યાદી કરવી. આ રકમ પૈકી ૭૫ ટકા રકમ ભોગબનનારના નામે ૫(પાંચ) વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં (ભોગબનનાર ઈચ્છે તે રાષ્ટ્રીયકૃત બેંકમાં) જમા રાખવી અને તેનુ વ્યાજ ભોગબનનારને ચુકવવુ તથા બાકીની રકમ ભોગબનનારને જરૂરી ઓળખ અંગેના આધાર પુરાવાની ખાતરી કરી એકાઉન્ટ પે ચેકથી ચુકવી આપવી. જો ભોગબનનારને કોઈ વચગાળાની રકમ ચુકવવામાં આવેલ હોય અથવા અન્ય કોઈ અધિનિયમ અન્વયે કોઈ વળતરની રકમ ચુકવવામાં આવેલ હોય તો તેટલી રકમ બાદ કરીને રકમ ચુકવવી.

(૧૧) આ હુકમની જાણ કરતી યાદી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ખેડા (નડીઆદ) તથા ભોગબનનારને કરવી.

– હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૦૬મી, માહે. માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૦૬/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ